ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૫ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ગુરૂપૂર્ણિમાની ભાવપૂર્વક ઉજવણી

●●●

એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ



એપોલો ઈન્ટરનેશનલ સ્કુલ કુડાસણ ખાતે ગુરૂપૂર્ણિમાની પૂજાનું ઓનલાઈન આયોજન કરાયું હતું. જેમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. પૂજાનાં યજમાન તરીકે મધુરડેરીના ચેરમેન તથા એપોલો ઈન્ટરનેશનલ સ્કુલ (કુડાસણ)ના ટ્રસ્ટી શંકરસિંહ રાણા, નિમ્મીમેમ તથા મીનાબા અને રૂપલબા જોડાયા હતા.

●●●

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ

આ શુભ અવસરે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકો એ ઓનલાઈન જોડાઈ આ દિવસ ધામધૂમપૂર્વક ઉજવ્યો હતો. જેમાં સૌથી પહેલા પ્રાર્થના તથા આપણા જીવનના સૌ પ્રથમ ગુરુ એવા માતા અને પિતાનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના બાળકોએ ગુરુ વંદના- ક્લાસિકલ ડાન્સ પ્રસ્તુત કર્યો હતો. અને બાળકોએ મંત્ર અને શ્લોક ઉચ્ચારણ કરી ભગવાન, ગુરુ તથા માતૃપિતૃ વંદના કરી હતી. ત્યારબાદ ગુરુપૂર્ણિમા વિશે બાળકોએ, વાલીઓએ તથા ફેકલ્ટીઝ એ પોતાના મંતવ્યો રજૂ કરી અને ગુરુપૂર્ણિમાની અને ગણેશજીની વાર્તા પણ સંભળાવી હતી.

●●●

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં ગુરૂપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ટ્રસ્ટ્રીશ્રી, આચાર્યશ્રી, શિક્ષકગણ અને ઓફિસ સ્ટાફ હાજર રહ્યો હતો.

●●●

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડા

ગુરૂપૂર્ણિમા નિમિત્તે સ્કૂલમાં ઓનલાઈન કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના ટ્રસ્ટી, પ્રિન્સિપાલ, સુપરવાઈઝર, ગુરુજનોને વંદન કર્યા હતા. વિદ્યાર્થીઓએ ગુરુ પ્રત્યેના પ્રેમ ભાવને ડાન્સ દ્વારા, નાટક દ્વારા, એક પાત્રીય અભિનય દ્વારા અલગ અલગ સ્પીચ અને સંવાદો દ્વારા રજૂ કર્યા હતા.

●●●

એસ.જી. અને એસ.વી. શાળા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અને એસ.વી. શાળાના વિદ્યાર્થીઓએ ગુરુ પૂર્ણિમા પર્વ નિમિત્તે ગુરુ તુલ્ય માતા-પિતા વડીલોનું પૂજન કરી તેમનું ઋણ અદા કરવા ઓનલાઈન અભ્યાસ દરમિયાન શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ગુરુ મહિમા દર્શાવતા પ્રવચન, ભજન, શ્લોક સ્તુતિ દ્વારા વડીલોને સન્માનિત કરાયા હતા.

●●●

શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલમંદિર

શાળામાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી ઓનલાઈન કરવામાં આવી હતી. બાળકોમાં ઉત્તમ સંસ્કારોનું સિંચન થાય તે માટે ડાયરેકટર કિરણબેન પટેલના માગદર્શન હેઠળ બાળકોએ પૂજા થાળી તૈયાર કરી દાદા-દાદી , મમ્મી-પપ્પા ને કંકુથી તિલક કરી આરતી ઉતારી મીઠાઈ ખવડાવી અને ગુરુ સમાન વડીલોને પગે લાગી આશીર્વાદ લઈ ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરી હતી.

●●●

ગુરૂપૂર્ણિમા ઉજવણી વોર્ડ નં.૩

આજ રોજ ગુરૂપૂર્ણિમાના પવન પ્રસંગે વોર્ડ ૩ ભાજપના ઉમેદવારો તથા મહાનગર ભાજપ યુવા મોરચા અધ્યક્ષ યુવરાજસિંહની આગેવાની માં સેકટર-૨૭ના યુવા કાર્યકરો ધવલ પટેલ , જીગર પટેલ, ભાર્ગવ સથવારા અને અન્ય દ્વારા મંદિરના પૂજારી રીનીશભાઈ, નિવૃત્ત આચાર્ય શુભદ્રાબેન, આચાર્ય હર્ષદભાઈની વિશેષ ઉપસ્થિતિમાં વિશ્વ હિન્દુ પરિષદના આગેવાન કમલેશભાઈનું શાલ ઓઢાડી સન્માન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને ગૌરી વ્રત કરનાર દીકરીઓને ફળ અને ફરાળી આપ્યા હતા.

ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા, ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરૂદેવ નમઃ

અષાઢ મહિનાની પૂર્ણિમાના દિવસને ગુરૂ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. માનવામાં આવે છે કે વેદ વ્યાસજીનો જન્મ પણ આ દિવસે જ થયો હતો. વેદ વ્યાસે જ માનવજાતને ચાર વેદોનું જ્ઞાન આપ્યું હતું તેથી જ તેમને પ્રથમ ગુરુ માનવામાં આવે છે અને તેમના જન્મની તિથિને વ્યાસ પૂર્ણિમા અને ગુરૂ પૂર્ણિમા કહેવામાં આવે છે. ગુરૂ શબ્દ સંસ્કૃતમાંથી ઉતરેલો શબ્દ છે. 'ગુ'નો અર્થ અંધકાર 'રૂ'નો અર્થ અંધકાર દૂર કરનાર થાય છે. આ તહેવાર હિંદુઓ, જૈનો અને બૌધ્ધો દ્વારા પોતાના ગુરુનો આદર અને સન્માન કરીને ઉજવવામાં આવે છે. આ દિવસે લોકો ગુરૂના આશીર્વાદ લે છે. પ્રાર્થના કરે છે અને ગુરૂ દક્ષિણા આપે છે. આ દિવસે ભગવાન બુધ્ધને બુધ્ધત્વની પ્રાપ્તિ થયા બાદ તેમનું પહેલું જ્ઞાન સંસારને આપ્યું હતું. આવા પાવનકારી ગુરૂનું આ 'ગુરૂપૂર્ણિમા'ના પવિત્ર પર્વે પૂજન કરવું એ પુણ્ય કમાવવાનું કારણ બની જાય છે. ગુરૂ એ માનવ લક્ષ્યનું સાકાર સ્વરૂપ છે. એટલે જ ગુરૂનું પૂજન એટલે સાક્ષાત પ્રરબ્રહ્મનું પૂજન છે.

●●●

એસ.એસ.વી. શાળા

દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળામાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રથમ ગુરુ એવા પોતાના માતા પિતા તથા ગુરુઓના આશીર્વાદ મેળવી આ દિવસની ઉજવણી કરી હતી.

●●●

શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા

સેકટર-૨૩ શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ખાતે ભકિતગીત સ્પર્ધાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૭ અને ૮ની વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પટેલ વૈભવી કે. (ધોરણ-૮ એ), દ્વિતીય ક્રમાંક દરજી નિષ્ઠા આર. (ધોરણ ૭ એ), તૃતીય ક્રમાંક પંડયા પ્લક્ષા એ. (ધોરણ-૭ એ) એ મેળવ્યો હતો. શાળાના આચાર્ય નિરુબેન જે. પટેલે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા અને આ સ્પર્ધાનું આયોજન શાળાના સુપરવાઈઝર ભગવતીબેન પટેલના માર્ગદર્શન હેઠળ નિમિષાબેન પટેલ, સેજલબેન વાળા દ્વારા કરાયું હતું.

●●●

વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ

ગાંધીનગર જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ દ્વારા આ દિવસે સાધ્વી ગીતાદીદી અને જુદા જુદા સમાજ સંપ્રદાયના સંતોના આશીર્વાદ લીધા હતા. જેમાં કીર્તીભાઈ મહેતા (ગુજરાત રાજય પ્રમુખ), શકિતસિંહ ઝાલા (બજરંગદળ ઉત્તર ગુજરાત પ્રાંત), હિતેન્દ્રસિંહ વાઘેલા (બજરંગદળ સંયોજન), કમલેશગીરી ગોસ્વામી (ગૌરક્ષા પ્રમુખ) અને બજરંગદળના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

●●●

ગાંધીનગર દત્ત મંદિરે ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

ગુરુપૂર્ણિમાના શુભ દિવસે દત્તમંદિર ગાંધીનગર સેકટર-૨૮ ખાતે શ્રી દત્ત ભગવાનનું તથા શ્રી રંગવધૂત મહારાજ(બાપજી)નું પાદુકા પૂજનનું આયોજન ભક્તો દ્વારા દર વર્ષની જેમ ઘણા હર્ષો ઉલ્લાસ સાથે થયું હતું. જેમાં કોરોનાથી સાવધાની પૂર્વક સ્વંયશિસ્ત પાળી ભક્તોએ ભગવાનને ફળ, ફૂલ, વસ્ત્ર અને પ્રસાદી અર્પણ કરી ને પોતાની ગુરુ પ્રત્યેની ભાવના વ્યક્ત કરી હતી.

●●●

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૩૫૦ જેટલા વૃક્ષોનું આ નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગુરૂપૂર્ણિમાના પર્વ નિમિત્તે સરસ્વતી વંદના તુલસી પૂજા થકી ગુરૂપૂર્ણિમાનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠકકર સહિત રોટેરીયન પદાધિકારીઓ, સદસ્યો સહિત વેદ ઈન્ટરનેશનલ સ્કુલ સરગાસણના મેનેજીંગ ટ્રસ્ટી આર.આર. પટેલ, વિજયભાઈ પટેલ સહિત અન્ય ટ્રસ્ટીગણ, શાળા પરિવારના આચાર્યા, શિક્ષકો, વિદ્યાર્થીઓએ પણ ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ સંપન્ન કર્યું હતું.

●●●

ગાંધીનગરમાં પૂજય ગુરૂમાના સાંનિધ્યમાં ગુરૂપૂર્ણિમાની ભકિતભાવપૂર્વક અને કોરોનાની ગાઈડલાઈન્સના ચુસ્ત પાલન સાથે ઉજવણી

ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સાંન્નિધ્યમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં, કોરોનાની ગાઈડલાઈન્સના ચુસ્ત પાલન સાથે થઈ હતી.

પ્રારંભે પૂ. ગુરુમાએ શ્રી દક્ષિણામૂર્તિ ભગવાન, શ્રી વેદ વ્યાસજી, આદિ ગુરુ શંકરાચાર્યજી તથા પૂજ્ય ગુરુમાના ગુરુજી; પ. પૂજ્ય સ્વામી શ્રી દયાનંદજી અને પરમ પૂજ્ય સ્વામી શ્રી બ્રહ્માત્માનંદજીનું પૂજન કર્યું હતું. ત્યારબાદ સમદર્શન આશ્રમમાં રહેતા કર્મયોગી પરિવારોએ ગાંધીનગરના સહુ ભાવિક- ભક્તજનો વતીથી પૂજ્ય ગુરુમાનું ગુરૂ પૂજન કર્યું હતું.

ગાંધીનગરના ભક્તજનોએ કોરોનાની માર્ગદર્શિકાના ચુસ્ત પાલન સાથે પૂ. ગુરુમાના દર્શનનો લાભ લીધો હતો. ક્યાંય ભીડ ન થાય એટલું જ નહીં સોશિયલ ડિસ્ટન્સિંગનુ ચુસ્ત પાલન થાય એ રીતે નાગરિકોને નિવાસના સેકટર પ્રમાણે સમયની ફાળવણી કરાઈ હતી. ભક્તજનોએ પણ માસ્ક પહેરીને, સલામત અંતર જાળવીને ગુરુદર્શનનો લાભ લીધો હતો. પૂજ્ય ગુરુમાએ સૌના સારા સ્વાસ્થ્યની કામના સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

●●●

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપક્રમે ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા આજે ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે વૃક્ષારોપણ અને પ્રજ્ઞાચક્ષુઓને સ્માર્ટ સ્ટીકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રજ્ઞાચક્ષુઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને ૫૧ વૃક્ષો વાનવીને તેના ઉછેરનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના પ્રભારી જશવંત ગાંધી, પ્રમુખ ડૉ. પ્રદિપ ગગલાણી, પ્રમુખ ડૉ. હાર્દિક તલાટી, માનદમંત્રી કિરીટભાઈ સોની, મહામંત્રી મૌલિક પરીખ, ચંદ્રકાન્ત અડાલજા, તીર્થ પારેખ વગેરેએ જહેમત ઉઠાવી હતી. અંધજન સંસ્થા સે-૧૬ના જયંતિભાઈ સુરાણી તથા પ્રજ્ઞાચક્ષુ ભાઈ બહેનોએ ખાસ હાજરી આપી હતી.

●●●

મહાનગર ભાજપ દ્વારા નગરના ધાર્મિક સ્થાનોએ 'ગુરુવંદના'નો કાર્યક્રમ યોજાયો

ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી મહાનગર ભાજપા સંગઠન દ્વારા તા.૨૩ અને ૨૪ જુલાઈના રોજ શહેરના તમામ વોર્ડમાં વિવિધ ધાર્મિક સ્થાનોએ સંતો, મહંતો, ધર્મગુરુઓની મુલાકાત લઈ તેમનું સન્માન કરી ગુરુવંદના કાર્યક્રમ યોજી કરવામાં આવી હતી. આજરોજ તા. ૨૪ જુલાઈના રોજ મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટ તેમજ પાટણ જિલ્લાના પ્રભારીશ્રી ગોવિંદભાઈ પટેલે વાવોલના રામજી મંદિર ખાતે મહંતશ્રી મધુસુદનદાસજી મહારાજનું સન્માન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ઉપાધ્યક્ષશ્રીઓ મહિપતભાઈ મિસ્ત્રી, નિલેશભાઈ પટેલ, જીગ્નેશભાઈ પટેલ, દિવ્યાબેન પટેલ, કાર્યાલય મંત્રી હરીશ રાણા, યુવા મોરચા પ્રમુખ યુવરાજસિંહ ચાવડા તેમજ યુવા મોરચાની ટીમ, વોર્ડ નં.૭ના પ્રમુખ

સહિત સંગઠનના પદાધિકારીઓ, ભાજપા ઉમેદવારશ્રીઓ, અગ્રણીશ્રીઓ, કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટ તથા સંગઠનની ટીમે સેકટર-૨ ખાતે સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લઈ પી.પી સ્વામીજી મહારાજનું સન્માન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ ઉપરાંત તમામ વોર્ડમાં ભાજપા સંગઠનના પદાધિકારીઓ, ઉમેદવારશ્રીઓ, અગ્રણીશ્રીઓ તથા કાર્યકર્તાઓએ વોર્ડમાં વિવિધ સ્થાનોએ ગુરુવંદના કાર્યક્રમ યોજ્યા હતા.

આજરોજ ભાજપાના વરિષ્ઠ નેતા અને સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીના સેક્ટર-૧ સ્થિત નિવાસસ્થાન પાસેના કોમન પ્લોટમાં 'નેચર ફર્સ્ટ'ના ભાવ સાથે વેસ્ટર્ન સિડ્સના સૌજન્યથી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દિલીપભાઈ સંઘાણી, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ પ્રશાંત કોરાટ, ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી, મહાનગરના ભાજપા યુવા મોરચાની ટીમ, વોર્ડના ભાજપાના ઉમેદવારશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં અંદાજે ૨૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

●●●

ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઠેર ઠેર ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. સેકટર-૬ સંત શ્રી રોહિદાસ સેવા સમાજ મંદિર ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે વૈવિધ્યસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

●●●

સરસ્વતી વિદ્યાલય ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી

સરસ્વતી વિદ્યાલય સે-૬-બી ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત ધોરણ ૪ થી ૭માં ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. ધોરણ ૧ થી ૩ના બાળકોએ ગુરૂપૂર્ણિમા નિમિત્તે કાર્ડ બનાવ્યા હતા જયારે ધો-૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકોએ પ્રાચીન સમયમાં ગુરૂજનો કઈ રીતે શિક્ષણ આપતા હતા તે વિશે સમજાવ્યું હતું. આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે બાળકોને ગુરૂનું મહત્વ સમજાવ્યું હતું અને બાળકોને ગુરૂપૂર્ણિમાની શુભેચ્છા પાઠવી હતી.